# વિદ્યાર્થિનીને ફી પરત ચૂકવવા તકરાર નિવારણ ફોરમનો આદેશ

## પેથાપુર નર્સિંગ કોલેજમાં પ્રવેશ રદ કરાવ્યા બાદ ફી રિફન્ડ માટે ગ્રાહક સુરક્ષામાં અરજી કરી હતી

ગાંધીનગર, તા. ૧૯

ફાર્મસી કોલેજમાંથી પ્રવેશ રદ કરાવનાર વિદ્યાર્થીએ ફી રીફન્ડ પેટે રૂ. ૪૧ હજાર ચુકવવા ગ્રાહક તકરાર નિવારણ ફોરમે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર ગાંધીનગરની વિદ્યાર્થિની નીતા પ્રજાપતિએ અમદાવાદ એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ સ્થિત એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ મારફતે પેથાપુર ખાતે શારદા સ્કૂલ ઓફ ફાર્મસીમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે આ પ્રવેશ પ્રક્રિયાના અંતે તેમણે પાટણ સ્થિત સરકારી નર્સિંગ કોલેજમાં બી.એચ.સી. નર્સિંગમાં પ્રવેશ મળ્યો હતો. જેથી નીતાબેનને પેથાપુર નર્સિંગ કોલેજમાંથી પ્રવેશ રદ કરાવી અગાઉ ચુકવેલી ફી રીફન્ડ કરવા રજૂઆત કરી હતી. આ તબક્કે પ્રવેશ સમિતિએ વિદ્યાર્થિનીને ફી પરત કરવાની ના પાડી દીધી હતી. આ મામલે નીતાબેહેને ગ્રાહક સુરક્ષા તકરાર નિવારણ ફોરમ સમક્ષ ફી રીફન્ડ મેળવવા અરજી કરી હતી. આ કેસ સંદર્ભે આગળની પ્રક્રીયા હાથ ધરાતા ફરીયાદીના વકીલ તરીકે સ્નેહલ પ્રજાપતિ તેમજ કલ્પેશ પટેલે ફોરમ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ પ્રવેશ રદ કરાવ્યો હોય તેવા કિસ્સામાં પ્રવેશના નિયમ મુજબ વિદ્યાર્થીને ફી રીફન્ડ કરવાની હોય છે. જ્યારે ફરીયાદીના મિત્રને પણ પ્રવેશ સમિતિએ ફી રીફન્ડ કરી છે. ત્યારે નીતા પ્રજાપતિને ફી ની રકમ પરત કરવામાં આવી નથી. જે દલીલો અને રજૂઆતના અંતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમના પ્રમુખ એમ.એફ. પરીખ, પ્રીતિબહેન પંડ્યા તેમજ એમ. કે. પરમારે વિદ્યાર્થીને ફી રીફન્ડ કરવા આદેશ કર્યો છે. જેમાં પ્રવેશ સમિતિ તેમજ ફાર્મસી કોલેજને આ પેટે વ્યાજ સાથે રૂ. ૪૧ હજાર ચુકવવા આદેશ કર્યો છે.

## સરઢવમાં રસોઈ બનાવતા દાઝી જતા મહિલાનું મોત

ગાંધીનગર, તા.૧૯

સરઢવમાં રસોઈ બનાવતી વેળાએ મહિલા ગંભીર રીતે દાઝી જતા તેનું કરૂણ મોત નિપજયું છે. સરઢવમાં જનતાનગર ખાતે રહેતા ૩૫ વર્ષીય રીનાબેન ચંદુભાઈ બે દિવસ અગાઉ પોતાના ઘરે રાત્રિના સમયે રસોઈ બનાવતા હતા ત્યારે તપેલી લેતી વેળાએ તેમની સાડી સળગતા તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમનું મોત નિપજયું છે. પેથાપુર પોલીસ સ્ટેશનના મહેન્દ્રસિંહ ચાવડાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પૂ. પન્યાસશ્રી ચંદ્રશેખર વિજયજીની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ ૨૨ જુલાઈથી ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૯

પ્રખર રાષ્ટ્રવાદી અને પૂ. પન્યાસશ્રી ચંદ્રશેખર વિજયજી મ.સા.ની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ શ્રાવણ સુદી-૧૦ તા. ૨૮મી જુલાઈના રોજ છે. તે નિમિતે અષ્ટાન્હિકા મહોત્સવ તા. ૨૨ જુલાઈથી ૨૯ જુલાઈ સુધી યોજાશે. પ્રભુભક્તિ, જ્ઞાનદાન, માનવસેવા, પશુપક્ષી કલ્યાણ, સાધાર્મિક ભક્તિ સંસ્કાર સભાઓનું અનુષ્ટાનો સાથે આયોજન ગોઠવેલ છે. પ્રથમ ૬ દિવસ સંસ્કાર કેન્દ્ર પાલડી અને ૨(બે) દિવસ માટે તપોવન અમીયાપુરા ગાંધીનગરમાં આયોજન કરેલ છે. પુણ્યતિથિ દિવસ સંઘોમાં સમુહ આયંબીલ તથા સમૃદ્ધ સામાયિકોનું આયોજન કરેલ છે.

દેશ વિદેશના કેટલાક ક્ષેત્રો ભવ્ય આયોજનમાં જોડાયા છે. યુગ પુરુષ તથા ઉર્જા પુરુષ શ્રદ્ધાંજલિ આપવા માટે તપોવન સંસ્કારપીઠ અમીયાપુરના કુલપતિશ્રી લલિતભાઈ ધામીએ અપીલ કરેલ છે.

## માર્ગ અને મકાન વિભાગના કર્મચારી કે.જી. સાધુનો સેવા નિવૃત્તિ સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ કચેરીમાં વર્ષોથી નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવનાર કરશનદાસ સાધુનો તાજેતરમાં વયનિવૃત્તિ સન્માન સમારંભ ચાંદખેડા ખાતે યોજાયો હતો. જેમાં સમાજના આગેવાન સભ્યોએ તથા સ્નેહીજનોએ કે.જી. સાધુને પુષ્પગુચ્છ આપી શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા.

ચાંદખેડા તેજેન્દ્રનગર, વિભાગ-૫ ખાતે યોજાયેલા સેવા નિવૃત્તિ સન્માન સમારંભના પ્રારંભે સત્યનારાયણની કથાનું ભક્તિમય વાતાવરણમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સગા-સ્નેહીઓ અને આબાલ વૃદ્ધોએ ખાસ હાજરી આપી ભગવાનના પ્રસાદનો લ્હાવો લીધો હતો. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ, ગુરુ બ્રાહ્મણ સમાજમાં ચાલતી વિવિધ સામાજિક સંસ્થાઓના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સત્યનારાયણ ભગવાનની કથા બાદ વય નિવૃત્ત કે.જી. સાધુનો સન્માન સમારંભ દબદબાપૂર્વક યોજાયો હતો. જેમાં સૌ અગ્રણીઓ અને સ્નેહી સ્વજનો, મિત્રો અને સગા સંબંધીઓએ તેમને હારતોરા, પુષ્પગુચ્છ, મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માનીત કર્યા હતા. ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજના પ્રમુખ બી.કે. શ્રીમાળી, પૂર્વ પ્રમુખ રતિલાલ ઉમંગી, નાયબ ઉદ્યોગ કમિશનર એચ.ડી. શ્રીમાળી, નિવૃત્ત વિસ્તાર કમિશનર ભાનુપ્રસાદ શ્રીમાળી, સમાજ આગેવાનો, મહિલા પાંખના પ્રમુખ કીનાબેન પંડ્યા, હસમુખભાઈ શ્રીમાળી, વિનોદભાઈ ગાંધી, પૂનમચંદ, પ્રવીણભાઈ, એડવોકેટ હસમુખભાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કરશનદાસની સમાજ સેવાને બિરદાવી હતી. નિવૃત્તિ પછી સમાજ સેવામાં વધુ સક્રિય બનવા જણાવ્યું હતું.

ઝીંઝુવાડાના મહર્ષિ તેજાનંદ સ્વામીના ગાદી પતિ દયારામ બાપુ શુકલે આ પ્રસંગે



ખાસ હાજરી આપી આશીર્વચન આપ્યા હતા. સેવા નિવૃત્તિ પ્રસંગે યોજાયેલ સન્માન સમારંભમાં ઉપસ્થિત સર્વે સ્નેહીજનોને કે.જી. સાધુ તેમના ધર્મપત્ની વીણાબેન અને ચિ. જૈમીને સસ્નેહ ભોજન કરાવી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જશુભાઈ શ્રીમાળીએ કર્યું હતું.



કચ્છને સેન્ટ્રલ યુનિવર્સિટી મળે તે માટે ગાંધીનગરના ઘ૩ સર્કલ ખાતે બુઝુર્ગ કેળવણીકાર પ્રાધ્યાપક વખતસિંહ જાડેજાએ ધરણાં યોજયા હતા. હાલમાં સેકટર-૩૦ ખાતે પ્રાથમિક શાળામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ચાલે છે તેનું સ્થળ બદલીને કચ્છમાં રાપર, ભચાઉ, નલિયા અને ખાવડા ખાતે આપવાની રજુઆત પ્રાધ્યાપક વખતસિંહ જાડેજાએ, ધારાસભ્યો તેમજ કચ્છના સાંસદોને કરી છે.

## તાલુકા પંચાયતની કારોબારીમાં ચેરમેન તરીકે કરશનજી જાદવ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર તાલુકા પંચાયતની નવરચિત કારોબારી સમિતિના ચેરમેન પદે તાલુકા પંચાયતના વલાદ બેઠકના સદસ્યશ્રી કરશનજી શનાજી જાદવની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. સી.જે.ચાવડા, જિ.પં. પ્રમુખશ્રી મંગીબેન દિલીપભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી બાબુજી ઠાકોર, જિલ્લા પ્રવકતા શ્રી સુર્યસિંહ ડાભી, પૂર્વ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પૂર્વ પ્રમુખ સોંધાજી ઠાકોર, મહામંત્રીશ્રી અશ્વિનભાઈ બારોટ, પૂર્વ પ્રમુશ્રી ધુળાજી ઠાકોર, પુર્વ ચેરમેન વિક્રમસિંહ ગોલ, ઉપપ્રમુખશ્રી મહોતજી ઠાકોરની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષના ચુંટાયેલા સદસ્યોની એક બેઠક આજે જ ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં તાલુકા પંચાયતની કારોબારી સમિતિની ૯ સદસ્યોના કોન્સેસ મેળવવામાં આવ્યા હતાં. જેમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે શ્રી કરશનજી શનાજી જાદવ (વલાદ)ની વરણી કરવા માટે સર્વ સંમતિ સાધવામાં આવી હતી. ત્યાર બાદ સર્વે સદસ્યો તાલુકા પંચાયત કચેરી ખાતે મળેલ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં શ્રી કરશનજી શનાજી જાદવની સમિતિના ચેરમેન તરીકે વરણી કરવા માટે શ્રી કાળુસિંહ મગનસિંહ ડાભી દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. જેને ડભોડાના સદસ્ય શ્રીમતી સજનબેન હિંમતસિંહ ઠાકોર દ્વારા ટેકો આપવામાં આવ્યો હતો. જેને સર્વાનુમતે મંજુર કરી સમિતિના ચેરમેન તરીકે શ્રી કરશનજી જાદવની વરણી કરવામાં આવી હતી.

નવનિયુકત ચેરમેનશ્રી કરશનજી જાદવે તાલુકા પંચાયત પ્રમુખશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી ઉપરાંત અને તાલુકા પંચાયતના હાજર રહેલા સદસ્યશ્રીઓ/કર્મચારી ગણ/અધિકારી ગણે અભિનંદન પાઠવ્યા હતા. શ્રી જાદવે પોતાની નિયુકિત બદલ જિલ્લા કોંગ્રેસના આગેવાનો/કોંગ્રેસ પક્ષના સર્વે સદસ્યો તેમજ પદાધિકારીઓ/અધિકારીઓનો આભાર વ્યકત કરી તાલુકાના સર્વાંગી વિકાસ માટે પોતાનીકટબીધ્ધતા વ્યકત કરી હતી તેવું જિલ્લા કોંગ્રેસ સમિતિની અખબારી યાદીમાં પ્રવકતા શ્રી સુર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

## રાયપુર કેનાલમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૧૯

રાયપુર કેનાલમાંથી આજે સવારે આધેડનો મૃતદેહ મળી આવ્યો છે. મરનાર આધેડ માનસિક અસ્થિર હોવાનું પણ પ્રાથમિક પોલીસ બનાવના અંતે ધ્યાને આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના રાયપુર ગામમાં રહેતા ફૂલાભાઈ બબાભાઈ ઉ.વ.૬૦ છેલ્લા બે ત્રણ મહિનાથી માનસિક રીતે અસ્થિર હોવાથી વારંવાર ઘરેથી નીકળી જતા હતા. ગઈકાલે તેના પત્ની અને પુત્ર દશામાના વ્રત નિમિત્તે ઓઢણી લેવા બહાર ગયા હતા આ વેળાએ તેઓ ઘરેથી ચાલ્યા ગયા હતા. જયારે શોધખોળના અંતે તેમની ભાળ મળી ન હતી. જયારે આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં રાયપુર કેનાલમાંથી તેમનો મૃતદેહ મળ્યો હતો. ડભોડા પોલીસ સ્ટેશનના જમાદાર સાહરભાઈએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પોલીસ તપાસના અંતે તેમણે શર્ટ કાઢેલું હોવાથી કેનાલમાં ન્હાવા પડયા હોવાની પણ સંભાવના પોલીસે વ્યકત કરી છે.

## આવતી કાલે શિવ સત્સંગ કથા યોજાશે

જાણીતા કથાકાર યોગી રામદાસ રાવળની વ્યાસપીઠે આવતી કાલે તા. ૨૧મી જુલાઈ ૨૦૧૨ને રાત્રે ૮ થી ૧૧ વાગ્યા દરમિયાન બ્લોક નં. ૧૧, પ્રિયંક સ્વપ્ર સંકુલ, લિંબોદરા કોર્નર, ગ્રામભારતી ચાર રસ્તા ખાતે શિવ સત્સંગ કથા યોજાશે. શ્રાવણ માસમાં મહાદેવની પૂજા અર્ચના કરવાના આશયથી શિવસત્સંગ કથાનું જયેશકુમાર કાન્તીલાલ રાવળે આયોજન કર્યું છે. રાત્રિ દરમિયાન શિવ સત્સંગ કથાનું આયોજન કરવા ઈચ્છતા ભકતજનોને કથાકારનો મો.નં. ૯૨૨૭૮ ૭૬૩૪૧ પર સંપર્ક કરવો.

## શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં સુંદરકાંડના નિઃશુલ્ક પાઠ

ગાંધીનગર, તા.૧૯

પાવન અને પવિત્ર શ્રાવણ માસના દિવસોનો આજથી શુભારંભ થઈ રહ્યો છે ત્યારે નગરના ભકતજનો અને સેવાભાવી સજ્જનોને ભગવાન શિવ અને હનુમાનજીની આરાધનાનો લ્હાવો મળે તે માટે જાણીતા કથાકાર દિલીપભારતી ગોસ્વામીએ નિઃશુલ્ક સુંદરકાંડના પાઠ કરવાનું નગરજનોને નિમંત્રણ પાઠવ્યું છે.

શિવશંકર અને મહાદેવના રૂદ્ર અવતાર હનુમાનજી મહારાજના ગુણગાન ગાતા 'સુંદરકાંડ'ના પાઠ અને 'રુદ્રાષ્ટક'ના પાઠ ઘર-ઘર અને ઘટ-ઘટમાં થાય તેવા ઉદ્દેશ્યથી દિલીપભારતી ગોસ્વામી અને બાલ કીર્તનકાર હિરલ ગોસ્વામીની વ્યાસપીઠે વિના મુલ્યે સુંદરકાંડના પાઠ અને રુદ્રાષ્ટકના પાઠ યોજાશે. ભકતજનોને પોતાના ઘેર, મંદિર અને જાહેરમાં આયોજન કરવાની ઈચ્છા હોય તેમણે પ્લોટ નં. ૬૮૮/૧, સાર્થક એપાર્ટમેન્ટ, વૈજનાથ મહાદેવ પાસે, સેકટર-૨૧ ખાતે સંપર્ક કરી પોતાના નામ નોંધાવી દેવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# ઢીંગલીના સર્જક રંજનબેન ભટ્ટ એટલે જાણે આદમકદ ઢીંગલ...

સંગીત, નૃત્ય કે વ્યાયામના માધ્યમથી દુનિયામાં પોતાનું નામ ઉજળુ કરનાર કલાકારો કે વ્યાયામવીરોની આપણા દેશમાં કમી નથી. પણ કાપડ, રૂ અને પ્લાસ્ટર ઓફ પેરીસના માધ્યમથી સુંદર ઢીંગલી દ્વારા દુનિયાના ૨૨ દેશોમાં ભારતની સંસ્કૃતિને ઉજાગર કરનાર રંજનબેન ભટ્ટ આપણા ગાંધીનગરના છે તે જો આપ જાણતા ન હોય તો આપની અજ્ઞાનતા વિશે દયા જ ખાવી રહી. હા, કોટન સ્કલ્પસર એટલે કે કાપડમાંથી સર્જાયેલ શિલ્પકૃતિ દ્વારા નેશનલ એવોર્ડ મેળવનાર રંજનબેન ભટ્ટ અને હરીન ભટ્ટ બંને મા-દિકરો સેક્ટર-૫ના રહેવાસી છે. કાપડની જાતભાતની વિવિધ કદની ઢીંગલીઓનો ખજાનો એટલે રંજનબેનનું નિવાસસ્થાન. તેમના મકાનમાં બીજા માળે તમને ભારતભરની સંસ્કૃતિનાદર્શન ઢીંગલી સ્વરૂપે જોવા મળશે. મનને મોહિત કરનારી આ ઢીંગલીઓમાં રાધાકૃષ્ણ, મીરાંબાઈ, શ્રીનાથજી, સહજાનંદ સ્વામી, જલારામ બાપા તથા ભારત ભરના જાણિતા નૃત્યો ઢીંગલી સ્વરૂપે સુંદર પરિવેશમાં જોવા મળશે. જો ઢીંગલીના રૂપરંગ અને આકાર સૌને મોહિત કરનારા હોય તો તેના સર્જક રંજનબેન ભટ્ટ પણ જાણે ઢીંગલીની આદમકદ મૂર્તિ જ જોઈ લ્યો... હસમુખો ચહેરો, મમતાળુ અને પ્રેમાળ સ્વભાવ, લાગણીસભર આંખો અને ૭૧ વર્ષે પણ ૪૦ વર્ષનું જોમ અને તરવરાટ હજુ અકબંધ જળવાઈ રહ્યા છે. બચપણથી જ ઢીંગલીના લગાવે આજે તેમને આંતરરાષ્ટ્રિય કક્ષાએ મૂકી દીધા છે.તેમનો અદમ્ય ઉત્સાહ અને કલા સાધનાથી પ્રેરાઈ તેમના પડોશની બહેનો પણ આકર્ષાઈ અને કેવળ શોખ ખાતર અને આનંદ કરતાં કરતાં સંસ્કૃતિના રખોપા કરવામાં નિમિત્ત બનાય તો એનાથી રૂડુ શું? એ ભાવનાથી આ ઢીંગલીના સર્જનમાં રંજનબેન સાથે બહેનો પણ જોડાઈ. અને પછી તો એક વર્તુળ રચાયું... કલા સાધનાનુ વર્તુળ. રંજનબેનને થયું કે કલાના માધ્યમ દ્વારા બહેનો રોજી મેળવે તો એમાં ખોટુ શું? અને આ શુભ ભાવનાથી પ્રેરાઈ તેમણે 'કલાશ્રી' સંસ્થાની સ્થાપના કરી જેમાં દિકરા હરીન ભટ્ટે સાથ આપ્યો. અને



સંબંધ સજાવે જિંદગી

**વી આર ફેમીલી**

- પોપટલાલ પ્રજાપતિ

gsrelation@yahoo.com

તેમના મકાનમાં બીજા માળે ડોલ્સ વર્કસોપનું આયોજન કરાયું. જેમાં આજ સુધીમાં તેમણે દસેક હજાર ગામડાની અને શહેરોની બહેનોને રોજગારી આપી છે. અહિં રેગ્યુલર આવતી બહેનો તેમના પડોશની અને સુખી ઘરની છે એટલે આર્થિક ઉપાર્જન માટે નહિ પણ રંજનબેનના સાનિધ્યમાં કામ કરવાનુ ગમે છે માટે આવે છે. અહિં આવતી બધી બહેનોને તેઓ પોતાની દિકરીની જેમ રાખે છે અને સુખદુઃખમાં એકબીજાના ખબર અંતર પુછી કૌટુંબિક ભાવનાને ઉજાગર કરે છે. અહિ આવતી બહેનો હસુબેન બાવસાર, ગૌરીબેન ઠાકોર, શોભનાબેન ઠાકોર, વિલાસબેન ચાવડા, ગીતાબા રહેવર, ભાવના પટેલ, કલ્પના મેહતા, જ્યોત્સના પટેલ અને કિન્નરી પટેલ રંજનબેન ભટ્ટના માતૃવત્સલ પ્રેમની અનુભુતિ કરે છે. કિન્નરી પટેલ તો પોતાની ગાડી લઈને નિયમિતપણે રંજનબેનને મળવા અને વર્કશોપમાં શોખ ખાતર કલાનુ જતન કરવા આવે છે. આમ રંજનબેનની ઉદાત્ત ભાવના રંગ લાવી રહી છે.

બહેનો કહે છે કે અમે રંજનબેનની સાથે જરૂર પડે અમેરિકા, ઈંગ્લેન્ડ કે જાપાન પણ જઈશુ અને દેશની સંસ્કૃતિનો વાવટો પરકાવીશું. આમ કલાની સાધના કરતાં કરતાં એક કલાપ્રેમી વર્તુળ રચાય એ કંઈ નાનીસુની સિદ્ધિ ન કહેવાય. કેટલાક કલાકારો પોતાની કલા પર પરદો રાખે છે કે રખેને કોઈ શીખી જાય? પણ રંજનબેનને તેની જરાય ચિંતા નથી.તેમણે બહેનોના સહકારથી ૧૫૦ થી વધુ જાતિઓના પહેરવેશ અને નૃત્યોને ઉજાગર કરતી ૩૦૦ ઢીંગલીઓના પાત્રમાં હજારો ઢીંગલીઓ બનાવી વિદેશમાં એક્સપોર્ટ કરી છે. અમદાવાદ રાજપથ કલબમાં યોજાયેલ પ્રદર્શનમાં શિકાગોથી આવેલ એક બહેન એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે રંજનબેનને ઓર્ડર આપ્યો છે કે દિવાળી સુધીમાં જેટલી ઢીંગલીઓ બનાવાય તેટલી બનાવો તે બધી જ હું ખરીદી લઈશ. તેમની અદમ્ય ઈચ્છા છે કે એક આદમકદની ઢીંગલી ગાંધીનગરમાં ક્યાંક યોગ્ય જગ્યાએ મુકવામાં આવે. જેના દ્વારા ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી શકાય.

તેઓ કહે છે એક થી ત્રણ ફૂટની ઢીંગલી બનાવવામાં દોઢ દિવસ લાગે છે. બચપણમાં આપણે ઢીંગલીના ખેલ તો ઘણા જોય હશે પણ ઢીંગલીઓનો ખજાનો જોવો હોય તો સેક્ટર-૫-એમાં બ્લોક નં. ૧૨૭૩/૧માં રંજનબેન ભટ્ટ અને હરીન ભટ્ટની અવશ્ય મુલાકાત લેશો. ઢીંગલીની નજાકત અને રંજનબેનની મમતાથી પ્રભાવિત થયા વિના નહિ રહો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪

સૂર્યાસ્ત : ૭.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૪.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૨ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૪ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કૉકટેલ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૧૨.૩૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૩.૩૦, ૧૦.૦૦

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (અંગ્રેજી) : ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦

બોલ બચ્ચન : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

ગટ્ટુ : ૧૦.૦૦

કૉકટેલ : ૧૧.૪૫, ૨.૩૦

પિકચર અભિ બાકી હે : ૫.૧૫

બોલ બચ્ચન : ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

બોલ બચ્ચન : ૯.૦૦

ગટ્ટુ : ૧૨.૦૦

કૉકટેલ : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

કૉકટેલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૧૫

: સ્ક્રીન-૩ :

ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૯, ૧૨, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કૉકટેલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

જો જે રંગ લાવશે આપણી પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- આર્ટ લવર્સ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

### ધાર્મિક

- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા દિનેશભાઈ દવે ૫૭/૨,સે.-૪/એ, ના નિવાસ સ્થાને શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમ્ન પાઠ યોજાશે.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સે.-૨૩, ગાંધીનગર દ્વારા નરેન્દ્ર વ્યાસ ૧૦૪/૫, 'છ' ટાઈપ, સે.-૨૩, ના નિવાસ સ્થાને શ્રાવણ માસ નિમિત્તે શિવમહિમ્ન પાઠ અને સ્તૃતી વંદના રાત્રે ૯.૦૦ કલાકે.
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા દેવયાનીબેન ૫૪/૨, 'ઘ' ટાઈપ, સે.-૨૯, ના નિવાસ સ્થાને શ્રાવણ માસ નિમિત્તે સ્તૃતી વંદના.
- બપોરે ૩.૩૦ કલાકે શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે એક માસ સુધીશ્રી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ.

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. વિનુજી લક્ષ્મણજી વાઘેલા (ઉ.વ. ૫૮)મુ.પો. લેહકાવાડા, તા., જિ. ગાંધીનગર.